PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લાલ્પીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૦/કવા-૦૧/૧૬-૧૭/ ૯૩૪૨ તા. ૦૮/૦૮/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
અશ્વીનકુમાર જોબનપુત્રા,
c/o ઓલ્વીન ઈલેકટ્રોનીકસ
માંગનાથ રોડ,
જુનાગઢ,
મો: ૯૮૨૪૨ ૨૫૨૭૧, ૭૬૨૨૦ ૨૫૨૭૧

વિષય :-ડિપોઝીટ રીફંડ બાબત તેમજ નામ બદલી બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૦૬-૦૫-૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૦/કવા-૦૧/૧૬-૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ - રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૧.૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી - જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 02/B

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૦/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૩–૦૮–૧૬ | સ્થળ :જુનાગઢ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: અશ્વીનકુમાર જોબનપુત્રા,ગામ: જુનાગઢ,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)

રજુઆત કરનાર :પી.એચ.માવાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

: હુકમ :

ફરીયાદ : ડિપોઝીટ રીફંડ બાબત તેમજ નામ બદલી બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

૧.૧	અરજદાર શ્રી ની નીચે મુજબ બે માંગણી ઓ છે. (૧) તેઓ જણાવે છે કે, – સેટેલાઈટ પેટા વિભાગીય કચેરી હેઠળ નુ – વીજ જોડાણ નં.: ૮૫૦૨૭/૦૦૪૦૩/૬, જે '' સુમરા ઈસ્માઈલભાઈ માથી '', '' સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ'' ના નામે નામ બદલી ની થયેલ અરજી સાથે તેઓએ – સદર સ્થળ મફતીયાપરા– એટલેકે ઝુપડપટટી વાળુ હોય, '' રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નુ વેચાણ / લખાણ રજુ કરેલ હોય'' તેમ છતા, નામ બદલી થયેલ નથી. (૨) શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી એ, સેટેલાઈટ પેટા વિભાગીય કચેરી હેઠળ ના, હેયાત જોડાણ વાળુ મકાન અન્ય ને વેચાણ આપેલ હોય, આ જોડાણ ના આવેલ ડિપોઝીટ ની રકમ પરત મેળવવા માટે ની રૂ.૧૦૦/– ના ઈન્ડીમેન્ટી બોન્ડ હેઠળ અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી, સદર જોડાણ ની ડિપોઝીટ ની રકમ, જે શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી ને પરત કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

૨.૧	અરજદાર શ્રી ઉપર્યુકત કુલ ૦૨ માંગણીઓ બાબતે, નીચે મુજબ કાર્યવાહી થયેલ છે. (૧) સેટેલાઈટ પેટા વિભાગીય કચેરી હેઠળ ના – વીજ જોડાણ નં.: ૮૫૦૨૭/૦૦૪૦૩/૬, જે '' સુમરા ઈસ્માઈલભાઈ માથી '', '' સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ'' ના નામે નામ બદલી ની થયેલ અરજી અન્વયે, સદર જોડાણ વર્ષ–૧૯૮૭ દરમ્યાન ચાલુ થયેલ હોય. જેથી, મુળ જોડાણ ના કેઈસ પેપર્સ, કચેરી ના રેકર્ડ મા ઉપલબ્ધ નથી. હાલ, આ જોડાણ ના સ્થળ વાળી જમીન સરકાર શ્રી ની હોવાનુ જણાયેલ છે. અને અરજદારે, સદર જમીન વાળા સ્થળ પર ના સદર વીજ જોડાણ નં.: ૮૫૦૨૭/૦૦૪૦૩/૬ ને, નામ બદલી માટે રૂ.૧૦૦/– ના નોટરાઈઝ્ડ સ્ટેમ્પપેપર પર નુ વેચાણ કરાર રજુ કરેલ છે. પરંતુ, સદર વેચાણ કરાર ને સમર્થન આપતા દસ્તાવેજીક પેપર્સ, એટલેકે, મુળ ગ્રાહક શ્રી '' સુમરા ઈસ્માઈલભાઈ '' ના નામે, સદર સરકારી જમીન નોધાયેલ હોય તો, સરકાર મા આ નોંધણી ના પુરાવાઓ, નામ બદલી માટે ના અરજદાર એવા '' સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ'' પાસેથી માંગેલ છે. અરજદારે આ પુરાવાઓ રજુ કરેલ નથી. જેથી, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જોડાણ વાળા સ્થળ નુ રોજકામ કરાયેલ છે. જે રોજકામ મુજબ, હાલ ના તબ્બકે, કોઈ અન્ય વ્યકિત આ જોડાણ નો ઉપભોકતા હોવાનુ જણાયેલ છે. (૨) જયારે, અન્ય માંગણી મુજબ ના, શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી નામના જોડાણ નં. ૮૫૦૦૭/૦૪૪૩૧/૬ મા, અગાઉ તા.૧૩–૦૨–૨૦૦૩ ના રોજ, ડીપોઝીટ ની રકમ રૂ.૨,૮૩૫/– જમા આવેલ હોવાની બાબત જણાયેલ છે. ત્યારબાદ, સદર જોડાણ શ્રી જયેશકુમાર મુળજીભાઈ બારૈયા ના નામે, નામ બદલી થતા, નવા અરજદાર પાસેથી. નામ બદલી સબંધ ની નવી ડીપોઝીટ ની રકમ રૂ.૩,૪૩૧/– વસુલ થયેલ છે. આમ, (અ) શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી ના નામની ડીપોઝીટ ની રકમ રૂ.૨,૮૩૫/– છે. જયારે (બ) શ્રી જયેશકુમાર મુળજીભાઈ બારૈયા ના નામની ડીપોઝીટ ની રકમ રૂ.૩,૪૩૧/– છે. જેથી, નવા આગંતુક નામ બદલી વાળા ગ્રાહક અને ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદારે, જે સદર – અગાઉ ના ગ્રાહક શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી ની ડિપોઝીટ ની રકમ રૂ.૨,૮૫૦/– પરત મેળવવા માટે ની માંગણી કરેલ છે, પરંતુ, શ્રી કુંજ બીહારી નારણદાસ સવાણી ના નામની ડિપોઝીટ ની રકમ રૂ.૨,૮૩૫/– જે, બીલીંગ રેકર્ડ મુજબ ની હોય, જેથી સદર ડિપોઝીટ ની રકમ રૂ.૨,૮૩૫/–, જે નામ બદલી મેળવનાર એવા નવા આગંતુક ગ્રાહક અને ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર ના, સદર જોડાણ ના અગાઉ ખાતામા ૦૮–૦૭–૨૦૧૬ થી, ફરીયાદી શ્રી ની જાણકારી હેઠળ જમા આપવાની કાર્યવાહી, જે ફરીયાદી અરજદાર શ્રી ના તા.૧૧–૦૭–૧૬ ના લેખીત પત્ર થી સંચન્ન કરી અને, પીજીવીસીએલ કક્ષાએથી સદર ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે.

મુદ્દા નં.–૩ : **: નિષ્કર્ષ :**

૩.૧	ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના મુદ્દા નં. (૧) ના પેટા મુદ્દા (૧) મા વર્ણવ્યા મુજબ ના, સુમરા ઈસ્માઈલભાઈ ના નામના વીજ જોડાણ નં.: ૮૫૦૨૭/૦૦૪૦૩/૬ ને, શ્રી સુમરા ઈસ્માઈલભાઈ ના નામ પરથી, ફરીયાદી અરજદાર શ્રી સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ ના નામે કરાયેલ નામ બદલી માટે ની અરજી સાથે, મુળ જોડાણ વાળી મુળ જમીન, જે સરકાર શ્રી ની જમીન હોય, સદર જમીન પર મુળ ગ્રાહક શ્રી સુમરા ઈસ્માઈલભાઈ નો કાયદેસર નો હકક / ઉપભોકતા હોવા બાબત ને, કાયદેસર સમર્થન આપતો દસ્તાવેજીક પેપર રજુ થયેલ નથી. માત્ર રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર વેચાણ કરાર રજુ થયેલ છે. નામ બદલી માટે ની ફરીયાદી અરજદાર ની માંગણી મુજબ ની અરજી મા, આ મુજબ નો, મુળ જોડાણ વાળી મુળ જમીન, જે મુળ અરજદાર શ્રી સુમરા ઈસ્માઈલભાઈ ના નામે હોવા બાબત ને સમર્થન આપતો કાયદેસર નો દસ્તાવેજીક પેપર રજુ થયેલ ન હોય, આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન પ્રણાલી અંતર્ગત યોગ્ય હોય, જેથી ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ નો, મુળ દસ્તાવેજીક પેપર રજુ કર્યે થી જ, તેમની માંગણી મુજબ સદર જોડાણ મા નામ બદલી ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરી શકાય. અથવા તો, મુળ ગ્રાહક એવા શ્રી સુમરા ઈસ્માઈલભાઈ , તેમનુ, સરકાર શ્રી ની જમીન પર આવેલ, સદર હૈયાત એવુ તેમના નામનુ વીજ જોડાણ નં.: ૮૫૦૨૭/૦૦૪૦૩/૬ કાયદેસર રીતે, કાયમી ધોરણે રદબાતલ કરાવશે. અને નવા આગંતુક ગ્રાહક શ્રી સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ, જો '' સરકાર શ્રી ની ઝુપડપટટી – વીજજોડાણ યોજના '' અંતર્ગત ના નાગરીક ના હકક સાબીત કરતા, સરકાર શ્રી એ નિયત કરેલ, ઝુપડપટટી હેઠળ ના નાગરીક નો દરજજો અને દસ્તાવેજીક પેપર્સ રજુ કરીને, નવુ જ વીજજોડાણ મેળવવા ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરશે. અને આ અરજી નિયમાધીન યોગ્ય જણાશે તો, પીજીવીસીએલ તરફથી, શ્રી સીકંદર ખા હુશેન ભાઈ પઠાણ ને, નવુ ઝુપડપટટી – વીજજોડાણ યોજના અંતર્ગત નુ ઘરવપરાશ વીજજોડાણ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે.
૩.૨	જયારે, ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોકત મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના પેટા મુદ્દા નં. (૨) મા દર્શાવ્યા મુજબ ની ફરીયાદ બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૧ ના પેટા મુદ્દા નં. (૨) મુજબ ની વિગતે ની કાર્યવાહી. જે, અરજદાર શ્રી ની જાણકારી તેમજ સંતોષ હેઠળ સંપન્ન કરી અને, અરજદાર શ્રી ના તા.૧૧–૦૭–૧૬ ના લેખીત સંમતી પત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી સદર ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે.

મુદ્દા નં.–૪ : **હુકમ**

૪.૧	સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે હુકમ થયેલ છે.

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિકાલ ગમે આપ સંમત ન હોવ તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય લાગે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની ઓફીસ, બ્લોક નં. ૩, પૉલ્યુટેક્નીક કેમ્પસ-ઈન્ફોસીટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધિત હોય તો, સદર રકમના ૩૩ટકા રકમ પીજીવીસીએલમાં વાંધા સારે ભરપાઈ કરાયેલ હોવાનો ઠેલ્લેન ખરીદ અરજીમાં થવો જરૂરી છે..